# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **સરકાર વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોની પડખે હોવાનો કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિશ્વાસ અપાવ્યો.**
2. **કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા આજે પોરબંદર જિલ્લાના પ્રવાસે આવશે.**
3. **ભક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિના ચોથા દિવસે આજે માઁ દુર્ગાના કુષ્માંડા સ્વરૂપની પૂજા કરાશે.**
4. **દક્ષિણ ગુજરાતમાં 24 કલાક બાદ ભારે વરસાદની આગાહી.**
5. **વલસાડની વિદ્યાર્થીની ખુશી કુશવાહા બેંગ્લોર ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAGHAVJI BANASKANTHA

કૃષિ મંત્રી રાઘવજી પટેલે બનાસકાંઠાના થરાદ , વાવ અને સુઈગામ તાલુકાના વરસાદથી અસરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ નુકસાનગ્રસ્ત થયેલા પાકનું નિરીક્ષણ કર્યું.

શ્રી પટેલે સ્થાનિક ખેડૂતો સાથે સંવાદ પણ કર્યો હતો. તેમણે કહ્યું , સરહદી વિસ્તારના ખેડૂતોને સહાય પહોંચાડવા સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે ઉમેર્યું સરકાર હંમેશાં ખેડૂતોની પડખે ઊભી છે.

## (બાઇટ : રાઘવજી પટેલ, કૃષિ મંત્રી)

---

# MANDVIYA GUJARAT

કેન્દ્રીય મંત્રી ડૉ ક્ટર મનસુખ માંડવિયા આજે પોરબંદર જિલ્લાના પ્રવાસે આવશે. આ દરમિયાન તેઓ આજે સવારે ડૉ ક્ટર વી.આર.ગોધાણીયા કોલેજ ખાતે આત્મનિર્ભર ભારત અને GST સુધારણા વિષયક યુવા સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

ત્યારબાદ તેઓ બપોરે 12 વાગ્યે ઈશ્વરીયા ખાતે ગ્રામ્ય વિસ્તારના આગેવાનો સાથે બેઠક કરશે. બપોર બાદ તેઓ ચોપાટી વિલા સરકીટ હાઉસ ખાતે શહેરના આગેવાનો કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. જ્યારે સાંજે ચોપાટી ગ્રાઉન્ડ ખાતે "વોકલ ફોર લોકલ" માર્કેટનો શુભારંભ કરાવશે.

શ્રી માંડવિયા સુભાષનગર ગામની પ્રાથમિક શાળા ખાતે સેવા પખવાડીયા અંતર્ગત યોજાયેલા મેડિકલ કેમ્પમાં હાજરી આપશે. તેઓ સોની બજાર અને

સુતારવાડા વિસ્તારમાં વેપારીઓ સાથે મુલાકાત કરશે. જ્યારે રાત્રે બખરલા ખાતે નવરાત્રિ મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેશે.

---

## CM SWAGAT

સપ્ટેમ્બર મહિનામાં જિલ્લા કક્ષા એક હજાર 321 અને તાલુકા સ્તરે 2 હજાર 616 સ્વાગત કાર્યક્રમોમાં મળેલી અરજીઓ અંગે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

ગઇકાલે યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં રાજ્યના 115 કરતા વધુ અરજદારો હાજર રહ્યા હતા તેમાંથી 14 જેટલા અરજદારોને મુખ્યમંત્રીએ રૂબરૂ સાંભળ્યા હતા. આ ઉપરાંત બાકી અરજીઓ અંગે સંબંધિત વિભાગો તથા જિલ્લા સ્તરના અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

આ કાર્યક્રમ દરમિયાન 94 વર્ષના એક વૃદ્ધાએ મુખ્યમંત્રી સમક્ષ પોતાને મળવાપાત્ર ભરણપોષણની રકમ અંગે અરજી રજૂ કરી હતી. તેમની રજૂઆત સાંભળીને મુખ્યમંત્રીએ સંબંધિત જિલ્લા કલેક્ટરને આ વૃદ્ધાને વિનાવિલંબે ભરણપોષણની રકમ સુનિશ્ચિત રીતે મળે તેવો આદેશ કર્યો હતો.

---

## CHINTAN SHIBIR

"સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ "ની વિષયવસ્તુ રાજ્ય સરકારની 12મી વાર્ષિક ચિંતન શિબિર 13થી 15 નવેમ્બરે વલસાડ જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ચિંતન શિબિરના આયોજનને ઓપ અપાયો. શિબિરમાં સહભાગી થવા મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો ટ્રેન દ્વારા વલસાડ જશે. આ શિબિરમાં પોષણ અને જાહેર આરોગ્ય – સેવાક્ષેત્રની વૃદ્ધિ અને વૈવિધ્યકરણ – વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ – જાહેર સલામતિ – હરિત ઊર્જા અને પર્યાવરણ સહિતના વિવિધ વિષયો આવરી લેવાશે.

---

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે. ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

---

## GANDHINAGAR BETHAK

ગાંધીનગરમાં આજે ભારતીય જનતી પાર્ટીના કાર્યાલય કમલમ્ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના

**અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત સંકલ્પ અને જીએસટી ઘટાડા અંગેની વાતચીત થશે.**

---

## NAVRATRI 4TH DAY

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર..

**(MUSIC)**

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિના ચોથા દિવસે માઁ દુર્ગાના કુષ્માંડા સ્વરૂપની પૂજા-અર્ચના કરાય છે. આ દિવસે માતાજીને માલપુઆ ધરાવવામાં આવે છે.

નવરાત્રિ નિમિત્તે ભક્તો ગરબે ઘૂમીને માતાજીની આરાધનામાં મગ્ન બન્યાં છે. દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામ ચોટીલા ખાતે લાખો ભાવિકો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ...

**(વોઈસ કાસ્ટ : દિનેશ પરમાર )**

**(MUSIC)**

-----------------------------------------------------------------------

## WEATHER FORECAST

દક્ષિણ ગુજરાતમાં 24 કલાક બાદ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પહેલી ઓક્ટોબર સુધી રાજ્યમાં વરસાદની આગાહી

છે. રાજ્યમાં હાલમાં બે સિસ્ટમ સક્રિય હોવાને કારણે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ.કે.દાસે જણાવ્યુ હતું.

**(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક)**

---

## GUJCOST

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટ- દ્વારા ગઇકાલે ગાંધીનગરમાં "ક્વૉન્ટમ યુગની શરૂઆત: સંભાવનાઓ અને પડકારો" વિષય પર રાજ્ય-સ્તરીય રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારનું આયોજન કરાયું.

આ સેમિનારમાં 66 વિદ્યાર્થીઓએ પોતાના વિચારો , સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ દર્શાવવા માટે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વલસાડના વાપી સ્થિત મરોઠિયા ઇંગ્લિશ મીડિયમ સ્કૂલની ધોરણ દસની વિદ્યાર્થિની ખુશી કુશવાહાને રાજ્ય વિજેતા જાહેર કરવામાં આવી હતી.

૩0મી ઓક્ટોબરે બેંગ્લોર ખાતે યોજાનાર રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

---

## DRUCC MEET

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ખાતે મંડળ રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિ-DRUCCની ત્રીજી બેઠકનું આયોજન કરાયું. સમિતિના સચિવ તથા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અન્નૂ ત્યાગીએ અમદાવાદ મંડળમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને વિકાસાત્મક યોજનાઓની માહિતી આપી.

તેમણે જણાવ્યું કે અમદાવાદ , સાબરમતી અને ભુજ સ્ટેશનોનું મોટા પાયે પુનર્વિકાસ કાર્ય પ્રગતિ પર છે , જ્યારે અન્ય 15 રેલવે સ્ટેશનોનો પુનર્વિકાસ “અમૃત સ્ટેશન યોજના” અંતર્ગત કરવામાં આવી રહ્યો છે.

આ દરમિયાન સમિતિના સભ્યોએ પોતાના ક્ષેત્રની રેલવે સમસ્યાઓ , ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તરણ, નવી યોજનાઓ વહેલી તકે પૂર્ણ કરવા તથા મંડળના સ્ટેશનો પર વધુ સારી મુસાફર સુવિધાઓ આપવા માટે સૂચનો આપ્યા.

---

## SWACHTA ABHIYAN SABARKANTHA

સાબરકાંઠાના પ્રાંતિજમાં 'એક દિવસ, એક કલાક, એક સાથે સ્વચ્છતા માટે શ્રમદાન' કાર્યક્રમ ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં યોજાયો.

આ તકે લોકોને મંત્રીશ્રીએ સ્વચ્છતાને જીવનનો ભાગ બનાવવા તેમજ આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવાનું જણાવ્યું હતું. સાથે જ એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવા, તેમજ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાનું પણ કહ્યું હતું. આ પ્રસંગે મહાનુભવોના હસ્તે સફાઈ કર્મીઓને સફાઈ કીટ આપી સન્માન કરાયું.

આ સફાઈ અભિયાનમાં સાંસદ શોભનાબેન બારૈયા , ધારાસભ્ય સહિત સફાઈ કર્મચારીઓ, લોકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

---

## PARSHOTTAM SOLANKI KHATMUHRUT

રાજ્યના મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી પરસોત્તમ સોલંકીના હસ્તે ભાવનગરના સિહોરમાં અદ્યતન ઓડીટોરીયમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ ઓડિટોરીયમ

500 લોકોની ક્ષમતાવાળું બનાવવામાં આવશે. ખાતમૂહર્તના કાર્યક્રમ પ્રસંગે અનેક અધિકારીઓ સહિત પદાધિકારીઓ અને લોકો હાજર રહ્યા હતા.

---

## RABIES

રેબીઝ એટલે કે હડકવા જેવી જીવલેણ બીમારી સામે લોકોમાં જાગૃતિ લાવવા અમદાવાદ શહેરમાં 2 ઑક્ટોબર સુધી વિશ્વ હડકવા દિવસની ઉજવણી થશે . તે અંતર્ગત શહેરમાં મોટા પાયે રખડતા તથા પાળેલાં શ્વાનોનું રેબીઝ રસીકરણ કરાશે.

શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં બાળકો , વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનોની મદદથી જાગૃતતા કાર્યક્રમો થશે. રેડિયો , ટીવી, અખબારો તથા સોશિયલ મીડિયાના માધ્યમથી માહિતીનું પ્રસારણ કરાશે.

---